ચાર રાજ્યોમાં ભાજપનો ભગવો લહેરાયો

ઉત્તર પ્રદેશ , ઉત્તરાખંડ, મણીપુર અને ગોવામાં ભાજપની ભવ્ય વિજયના પગલે ભિલોડામાં ફટાકડા ફોડી,આતશબાજી કરીને ઉજવણી કરાઈઃ મોદી મેઝીક યથાવત : ખેડૂત આંદોલન,મોંઘવારી અને બેરોજગારી, બધા પર પડ્યા ભારે

ભિલોડા,તા.૧૦

ભારત દેશની મોટા માં મોટી વિધાનસભા ઉત્તર પ્રદેશ રાજ્યમાં ભાજપે ઝડહડતો વિજય પ્રાપ્ત કર્યો છે ત્યારે સાથે-સાથે ઉત્તરાખંડ,મણીપુર,ગોવામાં ભાજપે વિજય પ્રાપ્ત કર્યો છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે મઉં ચાર રસ્તા શાકભાજી માર્કેટ પાસે ભિલોડા તાલુકા ભાજપ સંગઠન અને ભિલોડા તાલુકા યુવા મોરચો ધ્વારા ફટાકડાની આતશબાજી કરાઈ હતી. ભાજપનો ભગવો ચાર રાજ્યોમાં લહેરાતા વિજયનો જશ્ન મનાવ્યો હતો.મીઠાઈની વહેંચણી કરાઈ હતી. ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિલાલ પટેલ,જીલ્લા પંચાયત સદસ્ય

રસીકાબેન ખરાડી, એન.કે. કલાસવા, બંકિમચંદ્ર તબીયાર સચિનભાઈ બરંડા, જ્યોતિબેન રાવલ, જશુભાઈ પંડ્યા,ચેતનસિંહ કચ્છાવા, વાડીલાલ લખવારા, તેજશભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા પ્રમુખ જીગરભાઈ ત્રિવેદી,મહામંત્રી દેવાંગભાઈ બારોટ,મહાવીરસિંહ રાઠોડ,હિરેનભાઈ પંડ્યા સહિત ભાજપના યુવાન હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિલાલ પટેલ અને ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા પ્રમુખ જીગરભાઈ ત્રિવેદી,મહામંત્રી દેવાંગભાઈ બારોટ સહિત ભાજપના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે ભારત દેશમાં આગામી લોકસભાની ચૂંટણીમાં અને ગુજરાત રાજ્યમાં આગામી વિધાનસભાની ચુંટણીમાં ઝડહડતો વિજય ભાજપ હાંસલ કરશે,કોંગ્રેસ મુકત ભારત બનશે તેમ જણાવ્યું હતું.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સૂકા ઘાસચારાની અછતના એંધાણ

પશુપાલકોએ ઘાસની ખરીદી શરૂ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળાનો માંડ આરંભ થયો છે ત્યાં આગામી દિવસોમાં સૂકા ઘાસચારાની અછત ઉભી થવાના એંધાણ મળવા લાગ્યાં છે. જિલ્લામાં દર વર્ષે આકરા ઉનાળા દરમ્યાન ઘાસ માટે પશુપાલકોએ દોડધામ કરવી પડતી હોવાથી અનેક પશુપાલકોએ અગમચેતી વાપરી અત્યારથી જ સૂકા ઘાસની ખરીદી શરૂ કરી છે.

જિલ્લામાં ખેતી પાકો સાથે ખેડૂતો ઘાસચારાની અલાયદી વાવણી કરતા નથી અને ઘઉં, બાજરી અને મકાઈના સૂકા પૂળા ખેડૂતો પોતાના પશુઓના ઘાસચારા માટે સાચવી રાખતા હોવાથી પશુપાલકોને ઉનાળામાં ઘાસ માટે અન્ય જિલ્લાઓમાં જવું પડતું હોય છે. જિલ્લામાં ઉનાળુ વાવેતરનો આરંભ થતાંની સાથે પશુપાલકોને સૂકા ઘાસચારાની ચિંતા સતાવી રહી છે. જિલ્લામાં ઉનાળો આકરો બને તે અગાઉ જ ગ્રામ્ય વિસ્તારોમાં સૂકા ઘાસચારાના અછતના એંધાણ મળવા લાગ્યા છે. જિલ્લામાં ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાય વિકસ્યો છે ત્યારે સૂકા ઘાસની મોટી માંગને પહોંચી વળાતું ન હોવાથી ઘાસના વેપારીઓ પણ મેદાનમાં આવી જતા હોય છે અને પશુપાલકો પાસેથી મન ફાવે તેમ ભાવ વસુલતા હોય છે. જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ સૂકા ઘાસચારાની અછત ઉભી થવાના અણસાર મળવા લાગતાં પશુપાલકોએ અત્યારથી જ સૂકો ઘાસચારો સંગ્રહ કરવાની શરૂઆત કરી દીધી છે. જિલ્લામાં સ્થાનિક ખેડૂતો પાસેથી મકાઈ, બાજરી, જાર અને ઘઉંના સૂકા પૂળા ખરીદવા ઉપરાંત પશુપાલકોએ હૂંચેલનો પણ સંગ્રહ કરવા માંડ્યો છે. જિલ્લામાં બળબળતા ઉનાળા દરમ્યાન અચૂક ઉદ્ભવતી ઘાસચારાની સમસ્યાને પહોંચી વળવા પશુપાલકોએ સૂકું ઘાસ ખરીદવા માંડ્યું છે.

જન્મદિને વધામણી

મીનાબેન ડો.મહેન્દ્રભાઈ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી

મહેશભાઈ (ટીનાભાઇ)રમણભાઈ પટેલ
સહજાનંદ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

યામિનીબેન ભરતકુમાર પટેલ
સાબરડેરી, હિંમતનગર
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી

સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કારોબારી મીટીંગનુ આયોજન

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા સહકારી જીન પાસે આવેલ અશ્વમેધ પાર્ટી પ્લોટ

ખાતે વિસ્તૃત કરોબારી મીટીંગ નુ આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટીંગમાં સાબરકાંઠા લોક સભા નાં નવા નિમાયેલા પ્રભારી જીજ્ઞેશ મેવાણી અને ગોવાભાઈ રબારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ દ્વારા સમગ્ર ભારત માં ડિજિટલ સદસ્ય અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આજરોજ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી નાં કાર્યકરો અને હોદ્દેદારોને સંબોધન કરતાં જીજ્ઞેશમેવાણી એ જણાવ્યું હતું કેવધુમાં વધુ સભ્ય નોધણી કરી બુથ દીઠ (સો) ૧૦૦ સભ્યો બનાવી કોંગ્રેસ ને મજબુત કરવા કાર્યકરો કોંગ્રેસ ની વિચારધારા લોકો સુધી પોહચાડી લોકો નાં ઘરે ઘરે જઈ સભ્ય નોધણી કરવી પડશે.

આ મિટિંગમાં કોંગ્રેસ જીલ્લા પ્રમુખ કમલેશ પટેલ મહેન્દ્રસિંહ બારૈયા રાજેન્દ્રસિંહ કુંપાવત રામભાઈ સોલંકી બાબુજી ઠાકોર ગજેન્દ્રસિંહ રેહવર અશોક પટેલ રાજેન્દ્રસિંહ ઝાલા સુરેશ પટેલ ઈમરાન મલેક રતનબેન સુતરીયા આશાબેન પારસબેન ઝાલા પ્રિયવદન પટેલ યુસુફભાઈ બચ્ચા જીલ્લા પંચાયત તાલુકા પંચાયત નગરપાલિકા નાં સદસ્યો તથા કોંગ્રેસ નાં હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામા ઉપસ્થીત રહ્યા હતા

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પાણીની પરબો ભૂતકાળ બની : પરબનું સ્થાન પાણીના પાઉચે લીધું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અગાઉ બળબળતો ઉનાળો શરૂ થાય એટલે તરત પાણીની પરબો ગોઠવાતી હતી જેમાં માટલામાં ઠંડુ પાણી પીવા માટે વટેમાર્ગુઓના પગ થંભી જતા હતા અને પાણીથી તૃપ્ત થઈ સંતોષ વ્યક્ત કરાતો હતો પરંતુ વર્તમાન સમયમાં પરબો ભૂતકાળ બની છે અને પરબનું સ્થાન પાણીના પાઉચે લઈ લીધું છે. પાણીની પરબોનું સંચાલન મોટા ભાગે વૃદ્ધ ડોશીમાઓને સોંપી આર્થિક રીતે મદદ થવાની ભાવના પણ પરબમાં સમાયેલી હતી. જો કે ડોશીમાની પરબો હવે વિસરાઈ ગઈ છે. આગમવેતા દેવાયત પંડીતે વર્ષો પૂર્વે પાણી પડીકે બંધાવાની આગમવાણી ભાખી હતી પરંતુ તેને કોઈ માનવા તૈયાર ન હતું અને આપણા વડવાઓ કહેતા હતા કે પાણી તો પડીકે બંધાતું હશે..?? જો કે આજે આ આગમવાણી સાચી જણાઈ રહી છે અને પાણી પાઉચના રૂપમાં પડીકે બંધાઈ ગયું છે. જિલ્લામાં અગાઉ ઉનાળામાં પાણીની પરબોની ભારે બોલબાલા હતી અને સુખી લોકો ગામના ચોરે અથવા રસ્તાઓની સાઈડમાં ડોશીમાની પરબો શરૂ કરાવતા હતા અને

માટલાનું ઠંડુ પાણી પીવા માટે પસાર થતા રાહદારીઓ અચૂક થંભી જતા હતા અને અસહ્ય ગરમીમાં ઠંડુ પાણી પી તૃપ્તિનો આનંદ વ્યક્ત કરતા હતા. જો કે આજે સમય બદલાયો છે અને આધુનિકતાની હરણફાળમાં પરબો વિસરાઈ ગઈ છે. પાણીના પાઉચની આજે સર્વત્ર બોલબાલા જોવા મળી રહી છે. પાણીની પરબો બેસાડવામાં પુણ્ય કમાવવાની ભાવના જોડાયેલી હોવાથી ઉનાળામાં જ્યાં નજર કરો ત્યાં પરબ ઉપર ડોશીમા હાંસે હાંસે પાણી પીવડાવતાં જોવા મળતાં હતાં પરંતુ આ દ્રશ્યો હવે ભૂતકાળ બની ચૂક્યાં છે. જિલ્લામાં પાણીના પાઉચના આગમન સાથે હવે ગણી ગાંઠી જગ્યાએ પાણીની પરબો જોવા મળી રહી છે. પરબોના સંચાલનમાં નિરાધાર વૃદ્ધ મહિલાઓને મહિને આર્થિક મદદ પણ આપવામાં આવતી હતી અને ડોશીઓ સવાર પડતાં જ માટલાંમાં પાણી ભરી પરબ ઉપર ગોઠવાઈ જતી હતી પરંતુ આજે આવી પરબો ભૂતકાળની ગર્તામાં સરી પડી છે જેથી આજની પેઢી પાઉચને તો ઓળખે છે પરંતુ પરબો શું તે અંગે લગભગ અજાણ બની રહી છે.

મેઘરજ તાલુકા સહકારી જીનના ડીરેક્ટર તરીકે સંજય પટેલની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

મેઘરજ તાલુકાના જાણીતા યુવાન કાર્યકર, ગાંધીનગર સમાચારના પત્રકાર સંજયભાઈ ચૌધરી (મોટીમોયડી)ની મેઘરજ તાલુકા સહકારી જીનીંગ પ્રોસેસીંગ એન્ડ પ્રોસેસીંગ મંડળીના ડીરેક્ટર તરીકે પસંદગી થતા સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રોજેન્દ્ર પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

ધાનેરામાં રેફરલ હોસ્પિટલે ફાયર એન.ઓ.સી. ન મેળવતાં નગરપાલિકા દ્વારા ઓટી સીલ કરાઈ

ધાનેરા તા. ૧૦

ધાનેરામાં આવેલ રેફરલ હોસ્પિટલને ફાયર એન.ઓ.સી. ન હોવાથી નગરપાલિકા દ્વારા અનેકવાર ફાયર એન.ઓ.સી. મેળવવા અનેકવાર સુચના અપાઈ હતી પરંતુ રેફરલ હોસ્પિટલ દ્વારા ફાયર એન.ઓ.સી. ન મેળવતાં ૨ દિવસ અગાઉ નગરપાલિકા દ્વારા ધાનેરા રેફરલ હોસ્પિટલને ફાયર એન.ઓ.સી. મેળવવા માટે નોટીસ ફટકારી હતી અને ધાનેરા રેફરલ હોસ્પિટલને એન.ઓ.સી. મેળવવા તાકીદ

કરાઈ હતીજ્યારે ધાનેરા રેફરલ હોસ્પિટલ દ્વારા તા. ૧૦/૦૩/૨૦૨૨ સુધી નિયમ મર્યાદામાં એન.ઓ.સી. ન મેળવે તો કલમ-૨૬ (૩) મુજબ હોસ્પિટલ સીલ કરવાની નગરપાલિકા દ્વારા ચિમકી ઉચ્ચારી છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ગુરૂવારે ધાનેરા રેફરલ હોસ્પિટલ દ્વારા એન.ઓ.સી.ન મેળવતાં નગરપાલિકા દ્વારા ધાનેરા રેફરલ હોસ્પિટલમાં આવેલી ઓટી સીલ કરાઈ હતી નગરપાલિકા દ્વારા નોટીસ આપવા છતાં ધાનેરા રેફરલ હોસ્પિટલના તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરતાં નગરપાલિકાએ ધાનેરા રેફરલ હોસ્પિટલમાં આવેલી ઓટીને સીલ માર્યું છે દરરોજની ૪૦૦ કરતાં વધુ ઓ.પી.ડી. ધરાવતી હોસ્પિટલમાં નગરપાલિકા દ્વારા ઓટી સીલ કરતાં દર્દીઓને હેરાન પરેશાન થવાનો વારો આવશે હવે જોવાનું એ રહ્યું કે, 'ધાનેરા રેફરલ હોસ્પિટલ દ્વારા દર્દીઓના હીતમાં કોઈ નિર્ણય લઈ એન.ઓ.સી. મેળવે છે કે, કેમ એ તો આવનારો સમય બતાવશે પરંતુ નગરપાલિકા દ્વારા રેફરલ હોસ્પિટલમાં ઓટીને સીલ મારી કાર્યવાહી કરતાં અન્ય ફાયર એન.ઓ.સી. વગરની હોટલો અને મોટી બિલ્ડીંગ ધરાવતા વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે જ્યારે નગરપાલિકા દ્વારા થોડા દિવસોમાં ફાયર એન.ઓ.સી. વિનાની હોટલો અને મોટી બિલ્ડીંગો સામે પણ કાર્યવાહી કરશે.

જિલ્લામાં હવામાન પલટાવ : લાંબડિયા પંથકમાં કરા સાથે કમોસમી વરસાદ

ખેડુતોનો તૈયાર પાક ભીંજાયો, અંશતઃ નુકસાન, ગરમીમાં રાહત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગતરોજ હવામાન પલટાવ જોવા મળ્યો. લાંબડિયા પંથકમાં સમી સાંજે કરા સાથે કમોસમી વરસાદ વરસતાં કેટલાંક ખેડુતોનો ખેતરમાં રહેલો તૈયાર પાક ભીંજાઈ જતાં અંશતઃ નુકસાન થયું છે. કમોસમી માવઠાની અગાઉથી ચેતવણી આપી હોવાતી ખેતીક્ષેત્ર વધુ નુકસાન અટકાવી શકાયું છે. જ્યારે જિલ્લામાં બે દિવસ પરોઢે શીત વાયરાએ સૌને ચોકાવ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ઉનાળો સડસડાટ પોતાનો રૂઆબ દર્શાવી રહ્યો છે. તાપમાનનો પારો ૩૬ ડિગ્રીના આંકને વટાવ્યા પછી અસહ્ય ગરમીથી પ્રજા ત્રસ્ત જણાઈ રહી છે. ગરમી વધતાં વીજળી માંગમાં વધારો જોવા મળ્યો. જ્યારે કેટલાંક વિસ્તારોમાં વીજળીના રીસામણાં શરૂ થતાં તંત્ર સામે કેટલાંક ગામડાંઓમાં રોષ પણ જોવા મળતો હોય છે. હવામાન વિભાગે રાજ્યમાં ૩ દિવસ કમોસમી માવઠાની આગાહી કર્યા પછી વાતાવરણમાં પલટાવ આવ્યો. જ્યારે સાબરકાંઠાના છેવાડાના લાંબડિયા પંથકમાં કાળાડિંબાંગ વાદળો છવાયા પછી ચોમાસુ જામતું હોય તે રીતે કરા સાથે કમોસમી વરસાદ પડતાં પ્રજા હેબતાઈ ગઈ હતી. નાના બાળકો સહિત યુવાનો કમોસમી વરસાદમાં ભીંજાતા જોવા મળ્યા. આગામી બે દિવસ પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં ગતરોજ સવારથી ભયંકર બફારાએ પ્રજાને પરેશાન કરી દીધા હતા. કમોસમી આગાહીના પગલે અનેક ખેડુતોએ તૈયાર પાકની વાઢણી મુલત્વી રાખી છે. જ્યારે યાર્ડોમાં મોટાભાગના વેપારીઓએ કમોસમી માવઠાની આગાહીના કારણે ખરીદીમાં પણ ઢીલી નીતિ અખત્યાર કર્યાનું જાણવા મળ્યું છે. જેના કારણે મોટાભાગના યાર્ડોમાં છેલ્લા બે દિવસથી ખેતપેદાશની આવકમાં અંશતઃ ઘટાડો જોવા મળ્યો છે.

પેટ્રોલ-ડીઝલમાં ભાવમાં ભડકો થવાના એંધાણ : નાયારા એનર્જીએ સપ્લાય બંધ કરતા પેટ્રોલ-ડીઝલ તંગી સર્જાશે

મોડાસા, તા. ૧૦

ઉત્તરપ્રદેશ સહિત ૫ રાજ્યોની ચૂંટણી પુર્ણ થયા પછી આજે મતગણતરી ચાલી રહી છે જેમાં ૪ રાજ્યોમાં ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે ચૂંટણીઓ પછી કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલનો ગમે ત્યારે સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલનું વિતરણ કરતા નાયારા એનર્જી (એસ્સાર) એ છેલ્લા ૪ દિવસથી પેટ્રોલ-ડીઝલનો જથ્થો આપવાનું બંધ કરી દેતા ગમે તે ઘડીએ પેટ્રોલ-ડીઝલ ની તંગી સર્જાવાના કે પછી ભાવ વધારાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

નાયારા એનર્જી સમગ્ર ગુજરાતમાં પેટ્રોલપંપ ધરાવે છે તેમજ સૌરાષ્ટ્રના મોટા ભાગની પેટ્રોલિયમ કંપનીના પેટ્રોલપંપને પેટ્રોલ-ડીઝલનો જથ્થો પૂરો પાડી રહી છે ત્યારે નાયરા કંપનીએ સપ્લાય બંધ કરતા પેટ્રોલ-ડીઝલની અછત ઉભી થઈ છે

અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર જિલ્લામાં નાયારા

કંપનીના પેટ્રોલપંપ આવેલા છે જેમાં છેલ્લા ચાર દિવસથી કંપનીએ ડીઝલ અને પેટ્રોલના જથ્થાનો સપ્લાય રોકી દેતા પેટ્રોલપંપ પર ડીઝલ પૂરું થઈ જતાં અને પેટ્રોલનો જથ્થો પણ ૨૪ કલાક ચાલે એટલો જ હોવાથી પેટ્રોલપંપના સંચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે પેટ્રોલપંપ પર ઈંધણનો જથ્થો ખલાસ થઈ જતાં વાહનચાલકોને ધરમધક્કા પડતા હોવાથી પેટ્રોલપંપ પર રોષ ઠાલવી રહ્યા છે જેનો ભોગ પેટ્રોલપંપ ધારકો અને પેટ્રોલપંપ પર ફરજ બજાવતા કર્મચારીઓ ગુસ્સાનો ભોગ બની રહ્યા છે

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આવેલા નાયારાના પેટ્રોલપંપ પર ઈંધણના બાંધેલ રોજિંદા ગ્રાહકો પણ અપૂરતા જથ્થાના પગલે અન્ય પેટ્રોલપંપ પર ઈંધણ પુરાવવા જતાં હોવાથી ગ્રાહકો પણ ગુમાવવા પડી રહ્યા છે અને આર્થિક ફટકો પણ પડતા પેટ્રોલપંપો પર ત્વરિત પેટ્રોલ-ડીઝલ જથ્થો પૂરો પાડવામાં આવે તે ખૂબ જરુરી છે

પ્રાંતિજ નગરપાલિકામાં અધિકારીઓ તથા પદાધિકારીઓ દ્વારા ભષ્ટ્રાચાર આશ્ચર્યો હોવાની આશંકા

પ્રાંતિજ તા.૧૦

કરવામા આવ્યા છે અને નગરપાલિકા ના અધિકારીઓ તથા પદાધિકારીઓ દ્વારા ભષ્ટ્રાચાર

કરવામા આવ્યા ના આક્ષેપો હાલતો ઉઠતા પ્રાંતિજ નગરમા ગરમી ની સાથે ગરમાગરમી જોવા મળી રહી છે

પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન દ્વારા પ્રાંતિજ પાલિકા ના પૂર્વ ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરા , નગર પાલિકા ના પ્રમુખ દિપકભાઇ કડીયા , કારોબારી અધ્યક્ષ જશોદાબેન નટવરસિંહ રાઠોડ તથા નગર પાલિકા ના એન્જીનીયર મેઘનાબેન રાવ સહિત અધિકારીઓ પદાધિકારીઓ દ્વારા ૨૦ લાખ થી વધુ નુ ભષ્ટ્રાચાર આચરેલ હોવાનુ સામે આવતા પ્રાંતિજ નગર મા હાલતો ચોરે મહોલ્લાઓ સહિત નગરમા ચર્ચાઓએ જોર પકડયુ છે ત્યારે હાલતો ભષ્ટ્રાચાર ના આક્ષેપો સાથે પ્રાંતિજ નગર મા ગરમાગરમી જોવા મળે છે અને ખુદ પાલિકા ના સત્તાપક્ષ ના સભ્યો દ્વારા કારોબારી મીટીંગ મા ચાર જેટલા વાઉચર ઉપર વિરોધ કરી નામંજુર કરી TPI હેઠળ ભષ્ટ્રાચાર થયો હોવાના આક્ષેપ કર્યો છે અને પ્રાંતિજ પાલિકા ના ચીફ ઓફિસર હિરેન સોલંકી ને આ અગે પાલિકા ના સદસ્યો દ્વારા લેખિત મા જાણ કરી છે ત્યારે બીજી બાજુ કારોબારી સભ્ય નયનભાઇ દેસાઇ નુ કહેવુ છેકે અધિકારીઓ તથા પદાધિકારીઓની મીલીભગત થી નગરપાલિકા મા TPI ઇન્સ્પેક્શન કામ આપી ભ્રષ્ટાચાર ક્યો હોવાનુ આક્ષેપો સામે આવ્યુ છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે આ બાબતે ખરેખર તપાસ થશે કે કેમ અને દોષી સામે એકશન લેવામા આવશે કે કેમ અને આમા અધિકારીઓ કે પદાધિકારીઓ કે કારોબારી સભ્યો સાચા છે તે તો હવે આવનાર દિવસો માંજ તપાસ

નગર પાલિકા ચીફ ઓફિસર હિરેન સોલંકી ને પુછતા તેમણે જણાવ્યુ કે સદસ્યોએ આજે મને લેખિત મા રજુઆત કરવામા જેને લઈ ને તેની યોગ્ય તપાસ કરી આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવશે.

નગર પાલિકા એન્જીનીયર મેઘનાબેન રાવ ને પુછતા તેવોએ જણાવ્યુ હતુ કે TPI ની ફાઈલ મા સરકારી નિયમો મુજબ કાર્યવાહી કરવામા આવી હતી અને પ્રમુખ અને કારોબારી ચેરમેન ને પણ જાણ કરી સહિઓ લેવામા આવેલ છે

નગર પાલિકા ના પ્રમુખ દિપકભાઇ કડીયા નુ કહેવુ છે કે જેતે સમયેએ સહિ કરેલ પરતુ કારોબારી સભ્યોની મીટીંગ મા ચાર જેટલા વાઉચરો સંકસ્પદ લાગતા અમોએ ચીફ ઓફિસર ને રજુઆત કરી છે અને તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામા આવેશે.

રાજ્ય કક્ષાની વકૃતત્વ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું હીર ઝળક્યું

ડીસા,તા. ૧૦

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત માર્ગદર્શિત તેમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર આયોજિત રાજ્ય કક્ષાની ગાંધીનગર ખાતે થઈ હતી જે મા ગાંધીનગર ખાતે તારીખ ૨ થી ૪ માર્ચ ૨૦૨૨ દરમિયાન આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે અને કલા ઉત્સવ અંતર્ગત રાજ્ય કક્ષાની વકૃતત્વ સ્પર્ધા યોજાઈ હતી જેમાં સમગ્ર રાજ્યની માધ્યમિક વિભાગની શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો મહેસાણા જિલ્લાની શાળાઓ એ પણ ભાગ લીધો હતો ત્યારે પુરોહિત ખુશી બી જે બી એમ પટેલ પરબતપુરા જીલ્લો મહેસાણા વિદ્યાર્થિનીએ સમગ્ર રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી રાજ્યકક્ષાની સ્પર્ધામાં સારા નંબર મેળવી ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતાં ગાંધીનગર દ્વારા પ્રમાણપત્ર અને એનાયત કરાયો હતો જ્યારે મહેસાણાના હીર ઝળકતા શાળા પરિવાર સમાજ અને જિલ્લામાં તથા રાજ્યમાં નામના મેળવતા ચોતરફથી ખુશી બેનને અભિનંદન વર્ષા કરાઈ રહી છે

મોડાસા : શૈક્ષણિક નગરી તરીકે જાણીતા શહેરમાં યુવાધન સ્પાના રવાડે ચઢે તે પહેલા બચાવી લો...!!

યુવાનોને મસાજનો ચસ્કો બરબાદીનો પંથ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લા સહીત સમગ્ર ઉત્તરગુજરાતમાં શૈક્ષણિક નગરી અને સંસ્કારી નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષો થી યુવાનો વિદેશીદારૂ, બીયરના નશાના ખપ્પરમાં ખુંપી રહ્યા છે આ ઓછ હોય તેમ છેલ્લા બે વર્ષથી શહેરમાં સ્પા અને મસાજ પાર્લરનું ક્લચર શહેરના યુવાધનને બરબાદીના ગર્તામાં ધકેલાઈ રહ્યા છે શહેરના મોટા ભાગના સ્પામાં મસાજ પાર્લરની આડમાં થાઈલેન્ડ, નેપાળ,બર્મા અને પર પ્રાંતીય યુવતીઓ લાવી યુવકોને અને રંગીન મિજાજી લોકો પાસેથી પૈસા લઈ મજા કરાવતા હોવાનું ડંકાની ચોંટે ચર્ચાઈ રહ્યું છે સ્પાની આડમાં દેહવેપારનો ધમધમતો ધંધો અનેક અભ્યાસ કરતા યુવાનોને ચસ્કો લાગી ચુક્યો છે પૈસાદાર નબીરાઓ અને ગ્રાહકોને પૈસો લઈ મજા કરવા ઉભી થયેલ સ્પાની હાટડીઓ શહેરના યુવાઓનું ભાવિ અંધકારમય બનાવે તો નવાઈ નહીં...?? શહેરના અનેક યુવકો યુવાનીના જોશમાં એક વાર સ્પાની પગથિયું ચઢિ ગયા પછી તેની સોબતમાં બરબાદ પણ થઈ ચુક્યા છે.મોડાસા શહેરમાં ધીરે ધીરે આધુનિકતાની આડમાં દુષણો વધી રહ્યા છે શૈક્ષણિક નગરી મોડાસા શહેરમાં અનેક કોલેજો આવેલી છે જેમાં સમગ્ર રાજ્ય સહીત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે

શહેરમાં યુવાધન પણ મોટા પ્રમાણમાં છે ત્યારે શહેરમાં બિલાડીની ટોપની માફક ફૂટી નીકળેલ કેટલાક સ્પા શહેરના યુવાધન અને ભવીષ્ય માટે મોટી આફત બની શકે છે અનેક યુવાનો અભ્યાસના બહાને સ્પાના રવાડે ચઢી ગયા છે શહેરના સ્પામાં સંચાલક તેમના ફાયદા માટે સગીરોને પણ બેધડક સ્પામાં એન્ટ્રી આપી રહ્યા છે. સ્પા ક્લચર થી આગમી સમયમાં અનેક યુવાનો અને પરીવારો શારીરિક રોગનો શિકાર બની શકે છે સ્પાના નામે ચાલતા મસાજ પાર્લરમાં મસાજ કરાવવા જતા યુવકોને સ્પા કરતી રૂપલલનાઓ ધીરેધીરે લલચાવી શારીરિક સબંધ બાંધવા ઉશ્કેરી રહી છે કેટલાક સ્પામાં તો રૂપલલનાઓ દારૂ અને બિયરનો નશો કરી ગ્રાહકોને મજા કરાવે છે જેટલા રૂપિયા ખર્ચો તેવી સર્વિસ પણ આપે છે તેમજ અસમલામાત શારીરિક સબંધ બાંધતી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે